# એનઆરજી ટાઈમ્સ

પાક્ષિક

પ્રકાશકઃ એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર    તા. ૩૦ એપ્રિલ, ૨૦૦૭ • વૈશાખ સુદ તેરસ, સંવત ૨૦૬૭


## ગુજરાત ગૌરવદિન નિમિત્તે કેશોદ તાલુકામાં શ્રેણીબદ્ધ કાર્યક્રમો

### જનસુવાધાના કામોનાં લોકાર્પણ-નિર્માણ ગુજરાત રેલી, ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટીવલ સહિતનું આયોજન

જૂનાગઢઃ જૂનાગઢ ખાતે ચાલી રહેલી ગુજરાત ગૌરવદિન ઉજવણીના ભાગરૂપે કેશોદ તાલુકામાં પણ તા. ૨૩ એપ્રિલથી તા. ૧ મે સુધી ભરચક્ક કાર્યક્રમ સાથેનું સપ્તાહ ઉજવાઈ રહ્યું છે.

કેશોદ મામલતદાર શ્રી એચ. એમ. વાળાએ માહિતી ખાતાને આપેલી જાણકારી અનુસાર તા. ૨૩થી ૨૭ એપ્રિલ સુધી તાલુકાનાં ૨૪ ગામોમાં કુલ ૫૩ કાર્યક્રમોનું આયોજન થયું છે. જેમાં લોકહીતનાં કામોનું લોકાર્પણ, બાળતંદુરસ્તી હરીફાઈ, તિથી ભોજન, ચેકડેમ, શાળાનાં ઓરડાનું લોકાર્પણ, બસ સ્ટેશન, શાળાનાં ભૂગર્ભ ટાંકાના કામોનાં કાતમૂહુર્ત જેવા કામોનો સમાવેશ થાય છે.

## પ્રતિવર્ષ પ્રવાસીઓની સંખ્યામાં ૮૪,૦૦૦નો વધારો થઈ રહ્યો છે

ગાંધીનગરઃ ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનાના બંધનું નિર્માણ સ્થળ કેવડીયા કોલોની દિનપ્રતિદિન પ્રવાસી સ્થળ તરીકે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે અને ધીરે ધીરે દેશના પ્રવાસન સ્થળોમાં સ્થાન પ્રાપ્ત કરી રહ્યું છે.

છેલ્લા ત્રણ વર્ષમાં કેવડીયા કોલોનીની મુલાકાત લેનાર પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો નોંધાયો છે.

વર્ષ ૨૦૦૫માં કેવડીયા કોલોનીની ૪.૪૪ લાખ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી તે સંખ્યા વર્ષ-૨૦૦૬માં વધીને ૫.૨૮ લાખ થઈ હતી. આ વર્ષના જાન્યુઆરીથી માર્ચ એમ પ્રથમ ત્રણ માસ દરમ્યાન ૧.૭૬ લાખ પ્રવાસીઓ આ સ્થળની મુલાકાત લઈ ચૂક્યા છે.

બંધના સ્થળે આવતા પ્રવાસીઓની મુલાકાત આરામદાયક નીવડે તે માટે સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા ખાસ કાળજી લઈને તમામ પ્રાથમિક સુવિધા ઊભી કરવામાં આવી છે. આના કારણે મુલાકાતે આવનાર પ્રવાસીઓની સંખ્યા એક જ વર્ષમાં ૮૪૦૦૦ કરતા પણ વધુ વધારો નોંધાયો છે.

વર્ષ ૨૦૦૫ના પ્રથમ ત્રણ માસમાં પ્રવાસીઓની સંખ્યા ૯૩,૫૪૮ હતી તે આ વર્ષમાં વધીને ૧,૭૬,૪૭૩ થઈ છે એટલે કે પ્રવાસીઓની સંખ્યામાં ૮૩,૦૦૦ જેટલો વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૦૬ના ત્રણ માસમાં અગાઉના વર્ષના ત્રણ માસની સરખામણીમાં પ્રવાસીઓની સંખ્યા ૫૯,૦૦૦નો વધારો નોંધાયો હતો.

અત્રે એ ઉલ્લેખનીય બાબત છે કે વર્ષ ૨૦૦૪માં સરદાર સરોવર ડેમની ઊંચાઈ ૧૧૦.૬૪ મીટર આંબવાની સાથે કેવડીયા કોલોની સ્થિત હાઈડ્રો પાવર હાઉસદ્વારા વીજ ઉત્પાદનનો પ્રારંભ થયો હતો અને તેની સાથોસાથ મુખ્ય નહેરમાં કેનાલ હેડ પાવર હાઉસ મારફત પાણી વહેવડાવવાનો પ્રારંભ થયો હતો.

આ ઘટના બાદ સરદાર સરોવર બંધનું સ્થળ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ કેવડીયા કોલોનીને ગુજરાતના એક આદર્શ પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે ભારપૂર્વક સૂચન કર્યું હતું.

## નિર્મળ ગ્રામ પુરસ્કાર માટે રાજ્યની ૩૮૧ ગ્રામ પંચાયતોની પસંદગી




### તા. ૪-૫ મે, ૨૦૦૭ના રોજ નવી દિલ્હી ખાતે એવોર્ડ વિતરણ સમારોહ યોજાશે

ગાંધીનગરઃ સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનના અમલમાં ગ્રામ પંચાયતોનો ઉત્સાહ વધારવા કેન્દ્ર સરકાર દ્વારાગ્રામ પંચાયત, તેના ઘટકો અને જિલ્લાઓ માટે નિર્મળ ગ્રામ પુરસ્કાર નામની એક એવોર્ડ યોજના શરૂ કરવામાં આવી છે. ગુજરાત રાજ્યમાંથી નિર્મળ ગ્રામ પુરસ્કાર વર્ષ ૨૦૦૬-૦૭ માટે કુલ ૩૮૧ ગ્રામ પંચાયતોની પસંદગી કરવામાં આવી છે.

નિર્મળ ગ્રામ પુરસ્કાર એવોર્ડ વિતરણ સમારંભ તા. ૪-૫-૨૦૦૭ના રોજ નવી દિલ્લી ખાતે યોજવામાં આવનાર છે. રાષ્ટ્રપતિશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં આ એવોર્ડ એનાયત થશે. રાજ્યભરમાંથી પસંદગી પામેલી ૩૮૧ ગ્રામ પંચાયતોના સરપંચો/પ્રતિનિધિઓ નવી દિલ્હી ખાતે યોજાનાર સમારોહમાં હાજરી આપશે. તેઓની સાથે જિલ્લા કો-ઓર્ડિનેટર તેમજ લાયઝન અધિકારીઓ પણ ઉપસ્થિત રહેનાર છે. રાજ્યમાં નિર્મળ ગ્રામ પુરસ્કાર માટે પસંદ થટેલ ગ્રામ પંચાયતોમાં પ્રથમ પાંચ જિલ્લાઓમાંથી ભાવનગર-૯૭, વડોદરા-૩૯, પંચમહાલ-૩૮, સુરેન્દ્રનગર-૩૨ અને દાહોદની ૨૫ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે.

## વતનની વાટે...



'વડગામ તાલુકા આંજણા કેળવણી મંડળ',વડગામ (જિ. બનાસકાંઠા) સંચાલિત ઉમેશભાઈ હીરાભાઈ ચૌધરી આટ્ર્સ કોલેજ(રુપાલ)ના મકાનના બાંધકામ માટે રૂ.૨૫ લાખનું અનુદાન એનઆરજી તરફથી મળેલ છે.

## POLICY FRAMEWORK FOR PIO UNIVERSITY APPROVED

The government of India approved a policy framework to establish a university in India to provide affordable and quality education for children of NRIs/PIOs on March 22, 2007. The university will be a deemed university under the University Grants Commission (UGC) Act as an Institution of Excellence and will come up in a special economic zone (SEZ).

The university will be set up by overseas Indian trusts or societies with credible standing and experience in the field of education under the overall supervision of the Ministry of Overseas Indian Affairs. An advisory board comprising representative from the UGC, the ministries of Overseas Indian Affairs, External affairs, Human Resource Development, Health and Family Welfare, Indian Medical Council and Dental Council will evaluate the academic and infrastructure standards of the university and its adherence to norms set up by statutory bodies. *(www.gopio.net)*

## શ્રેષ્ઠ ગુજરાતી ચલચિત્રો-કલાકારો કસબીઓને રાજ્ય એવોર્ડ્સની જાહેરાત

ગાંધીનગર: શ્રેષ્ઠ ગુજરાતી ચલચિત્રો અને કલાકાર-કસબીઓને પ્રોત્સાહન આપવા ગુજરાત સરકાર દ્વારા પારિતોષિક અર્પણ કરીને તેમનું સન્માન કરવામાં આવે છે. ગુજરાત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગે વર્ષ ૨૦૦૫-૦૬ના શ્રેષ્ઠ ગુજરાતી ચલચિત્રો અને શ્રેષ્ઠ કલાકાર-કસબીઓની જાહેરાત કરી છે. નિર્માતા અર્પિત મહેતા, મીત શાહ અને સંદીપ પટેલની ગુજરાતી ફિલ્મ “લવ ઇઝ બ્લાઈન્ડ”ને શ્રેષ્ઠ ચલચિત્રનો એવોર્ડ અને આ ફિલ્મના દિગ્દર્શકશ્રી વિપુલ શર્માને શ્રેષ્ઠ દિગ્દર્શકના એવોર્ડ સહિત “લવ ઇઝ બ્લાઈન્ડ”ને અલગ અલગ કેટેગરીમાં ૧૦ એવોર્ડ્સ મળ્યા છે.

નિર્માતા ગોવિંદભાઈ પટેલની ફિલ્મ સેજલ સરજૂને દ્વિતીય શ્રેષ્ઠ ચલચિત્ર સહિત કુલ ૬ એવોર્ડ્સ મળ્યા છે. જ્યારે નિર્માત્રી આરતી પટેલ અને દિગ્દર્શક સંદીપ પટેલની ફિલ્મ “ગગો કે દાડાનો પૈણુ-પૈણુ કરતો તો” ફિલ્મને ચાર એવોર્ડ્સ મળ્યા છે.

અભિનેતા હિતેનકુમારને “ગગો કે દાડાનો પૈણુ-પૈણુ કરતો તો” અભિનય બદલ શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મળ્યો છે. જ્યારે “સેજલ સરજૂ” માટે અભિનેત્રી ચાંદની ચોપડાને શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો છે.

ગુજરાત રાજ્યના સ્થાપના દિવસની રાજ્યકક્ષાની ઉજવણીના કાર્યક્રમો જૂનાગઢમાં યોજાઈ રહ્યા છે. રાજ્યના સ્થાપના દિવસે, તારીખ ૧લી મેએ ગુજરાતી ચલચિત્રોના આ એવોર્ડ્સ, જૂનાગઢ ખાતે અર્પણ કરાશે.

# Tourist Place : Narayan Sarovar Sanctuary

Narayan Sarovar Sanctuary



One of the most sacred pilgrim centres of the Hindu religion, Narayan Sarovar is uppermost in the pilgrims' circuit. There are actually five sacred lakes here, containing a temple complex is one of its five holy lakes.

It finds mention in the ancient scriptures with the other four being Mansarovar at Kailash, Bindusarovar at Bhuvaneshwar, Pushkar in Rajasthan and Pampa in the south. An embankment surrounds the temple complex, which is an assimilation of many hindu divinities, and the architecture, ancient and awesome.

Narayan Sarovar Sanctuary is a unique area in the country because the uncommon ecosystem in the arid zone supports 15 threatened species of wildlife belonging to Schedule-I of the Wildlife (Protection) Act, 1972.



Scrub and desert thorn forest interspersed with numerous seasonal water-bodies and grassy patches provide an ideal habitat for chinkara, caracal, ratel, wolf, desert cat, desert fox, great Indian bustard, lesser florican and a variety of waterfowl.

Some of the species of semi-desert habitat, which are recorded in this region, are not common in other areas in the country.

Forests in this dry zone have started degrading due to expansion of desert and progress of the process of desertification.

The Sanctuary is considered important ecological unit for maintaining environmental and ecological stability. The area has a very high conservation value for scientific research. *(Source: Gujarat Tourism)*

# Heritage Gujarat: Gop culture in Gujarat

On account of human beings settled in this pleasant soil of Gujarat with a coast of sea of about 1600 kms to its West, since ancient times, the shaping spirit of its culture is naturally the endless sea and maritime climate.

About eight thousand years ago, a tribe called NISHAD living the life of fishermen put their first steps on the land of Gujarat. KOLI, KHARVA, VAGHER, and MIYANA of the present are considered as sucessors to NISWAD tribe.

In fifth century B.C. came to Gujarat lonians, Beks, yens and Greek tribes and brought with them wooden deities and worship of Gods and Goddesses, Reminiscences of Greek culture relating to this are still found extant in MER community of BARDA hills.

About five thousand years ago from amongst the wandering tribes that came to Gujarat, Gop culture emerged. YADAVA and AHIRA coming from Mathura and Brindavan brought with them RAASLILA (art of dancing with singing, using flutes and wooden sticks). Their daughter-in-laws taught LASYA NRITYA to the gopis of Dwarka. Dandiya naas of today in its origin is the gift of that tribe and this GOP culture subsequently gave birth to several unique festivals in Gujarat.

It also generated fairs(MELA) giving joy and rapture to human hearts both of males and females. During Tenth century, came to Saurashtra white HUN (Mongols) who brought here SUN worship. This HUN of yore are the KATHI Darbars of our time. Horse, she-buffalo and weapons are the main ingredients of their culture.

# Vanagi:

## PATRA



### Ingredients

- 250 grams Arvi Leaves ( with black stems)
- 250 grams Besan
- 1 tablespoon Wheat Flour
- 1 tablespoon Rice Flour
- Paste of 1" piece ginger, 8 to 10 green chilles, garlic 1 pod medium, salt, garam masala, sour curds or lime juice, jaggery, a pinch of soda bi-card. Sesame seeds, turmeric powder, 1 spoon chilli powder, Mix all the ingredients and make a mixture of loose.

### Method

- Take arvi leaves of assorted size and wash them, wipe them dry take 1 big leaf and 3 medium sized leafves to make 1 roll.
- First take the big leaf – remove the hard veins. Place it upside down on a big thali or board and apply the paste evenly all over. Take another leaf put it on the top of the first one and apply the paste like wise use 4 leafs. Place them in such a way so that they are evenly spread. Fold the big leaf from 2 sides fold the corners also apply some mixture and roll it tightly 250 grams of leaves will make about 4 rolls. Put them in a perforated vessel and steam cook for 15 minutes.

After they are cooked allow them to cool. Cut the roll into 1 cm slices and deep fry. They can be eaten warm with plain oil with seasoning. Sprinkle coriander leaves and grated coconut.